અમૃતની વર્ષા તો સતત થયા કરે છે, આપણે જ આપણું પાત્ર ઊંધું રાખીને બેઠા હોઇએ તો કોઇ શું કરી શકે
- સાર સૂત્ર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૮૭ | ૧૭ સપ્ટેમ્બર, ૨૦૧૩, મંગળવાર; ભાદરવા સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ગાંધીનગરના એલપીજી ધારકોને હવે સીધી સબસીડી

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લાના એલ.પી.જી. ધારકોને ટુંક સમયમાં જ ગેસ સિલિન્ડર પર મળવા પાત્ર સબસીડીના નાણાં સીધા તેમના બેંકના ખાતામાં જમા અપાશે. આ અંગેની કવાયત લીડ બેંક દ્વારા આરંભી દેવામાં આવી છે.

મળતી વિગતો મુજબ આ માટે એલ.પી.જી. ગેસ ધારકે એક ફોર્મ ભરીને જે તે ગેસ એજન્સી ખાતે મુકવામાં આવેલ ડ્રોપ બોક્સમાં આપવાનું રહેશે. આ ફોર્મમાં ગ્રાહકે તેનો ગ્રાહક નંબર, બેંક ખાતા નંબર, આધારકાર્ડનો નંબર સહિતની વિગતો ભરવાની રહેશે.

આ ફોર્મ પછી જે તે એજન્સી દ્વારા લીડ બેંકને મોકલવામાં આવશે અને લીડ બેંક ગ્રાહકનું જે બેંકમાં ખાતુ હશે તેને તે મોકલશે. આ યોજના સંભવતઃ નવેમ્બર કે ડિસેમ્બરથી કાર્યરત થાય તેવા સંજોગો છે.

રાજયમાં પ્રારંભમાં છ જિલ્લાઓમાં અમલી બની ચુકી છે. બીજા તબક્કાનો પ્રારંભ નવે-ડિસે.થી થવાની સંભાવનાઓ છે. જેમાં ગાંધીનગરનો સમાવેશ થનાર હોઈ લીડ બેંક દ્વારા આ અંગેની પ્રાથમિક કવાયતો શરૂ કરી દેવામાં આવી છે.

બેંક દ્વારા ગ્રાહકોને ભરવા માટેના ફોર્મ્સ તેમજ ફોર્મ્સ કલેક્શન માટેના ડ્રોપ બોક્સ વિગેરે તૈયાર કરી અને ટુંક જ સમયમાં એજન્સીઓને પહોંચતા કરી દેનાર હોવાનું જાણવા મળેલ છે.

ડાયરેક્ટ બેનીફીટ ટુ કસ્ટમર ટ્રાન્સફર યોજના અંતર્ગત આ પ્રોજેક્ટ અમલી બનવા જઈ રહ્યો છે. ગાંધીનગરમાં જો કે એલ.પી.જી. ધારકોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. હવે પાઈપલાઈન દ્વારા ગેસનું વિતરણ થઈ રહ્યુ છે જે ઉલ્લેખનીય છે.

## || શતમ્ જીવ શરદઃ ||



ગુજરાતના લોકપ્રિય મુખ્યમંત્રી અને પ્રધાનમંત્રી પદના એન.ડી.એ.ના ઉમેદવાર શ્રી નરેન્દ્રભાઈ દામોદરદાસ મોદીના આજે જન્મદિવસે અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવીએ છીએ.... વડનગરથી દિલ્હી વાયા ગાંધીનગરની રોમાંચક યાત્રાના સફળ પ્રવાસી નરેન્દ્રભાઈ મોદીનો જન્મ મહેસાણા જીલ્લાના વડનગર ખાતે ૧૭ સપ્ટેમ્બર, ૧૯૫૦ના રોજ થયો હતો. જીવનભર સતત સંઘર્ષ કરી સફળતા પ્રાપ્ત કરનાર મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે દેશભરમાં વિકાસ પુરુષ તરીકેનું બિરૂદ પ્રાપ્ત કર્યું છે... ચોટદાર વક્તવ્યના માહિર વક્તા અને અસરકારક વહીવટકર્તા નરેન્દ્ર મોદીએ દેશ અને દુનિયામાં ગુજરાતના ગૌરવને ઉંચુ સ્થાન અપાવ્યું છે... ગુજરાતના વિકાસના માધ્યમ સાથે સમગ્ર દેશની ગતિશીલતા માટે સતત ચિંતિત નરેન્દ્ર મોદી ઉંડા ચિંતન અને વાંચનનો શોખ ધરાવે છે...

# ગુજરાતમાં મુખ્યમંત્રી પદના પાંચ દાવેદારો

### ટોચ પર આનંદીબેન પટેલ : વિધાનસભા અધ્યક્ષ વજુભાઈ વાળા અને પુરુષોત્તમ રૂપાલા પણ રેસમાં : ઉપરાંત નાણામંત્રી નિતીન પટેલ અને ઉર્જામંત્રી સૌરભ પટેલના નામો પણ ચર્ચામાં

ગાંધીનગર, તા.૧૬

ગુજરાતમાં નવા મુખ્યમંત્રી પદ માટે હાલ કોઈ હિલચાલ નથી પરંતુ ૨૦૧૪??? નરેન્દ્ર મોદી વડા-ધાન બને તો તેમની ખાલી જગ્યા ઉપર ગુજરાતમાં કોણ આવી શકે છે તેની અટકળો પાર્ટી અને સચિવાલયમાં વહેતી થઇ છે. આ અટકળોમાં સૌથી પહેલું નામ મહેસૂલ મંત્રી આનંદીબેન પટેલનું ઉભરી આવ્યું છે. હાલ તેઓ સરકારમાં અતિ મહત્વના વિભાગોનો હવાલો ધરાવે છે.

ગુજરાતમાં ભાજપની સરકારના અત્યાર સુધીના ચોથા મુખ્યમંત્રી તરીકે આરૂઢ થવા માટે વિધાનસભાના સ્પીકર વજુભાઇ વાળા રેસમાં બીજા નંબરનું સ્થાન ધરાવે છે. ગુજરાત સરકારમાં તેઓએ નંબર ટુ નું સ્થાન ૧૯૯૫?? જાળવી રાખ્યું છે અને ફાયનાન્સ ડિપાર્ટમેન્ટનો બહોળો અનુભવ ધરાવે છે.

મોદી સરકારના આનંદીબેન પટેલ જેટલું જ મહત્વ ધરાવતા નાણામંત્રી નિતીન પટેલ પણ મુખ્યમંત્રી પદની રેસમાં હોવાનું સચિવાલયમાં ચર્ચાઇ રહ્યું છે. એ ઉપરાંત ભાજપના રાષ્ટ્રીય નેતા પુરૂષોત્તમ રૂપાલા પણ હવે લાઇમ લાઇટમાં આવી રહ્યાં છે. બીજી તરફ ઉર્જા મંત્રી સૌરભ પટેલનું નામ પણ જોરશોરથી ચર્ચાઇ રહ્યું છે. જો કે ભાજપ માટે મુખ્યમંત્રી પદ માટે પટેલ લિડરો વધારે છે. એક માત્ર વજુભાઇ વાળા ઓબીસી જ્ઞાતિનું -ભુત્વ કરી રહ્યાં છે.



મોદી પછી ગુજરાતમાં કોણ...એ ઁનો જવાબ ભાજપની કેન્દ્રીય લિડરશીપ આપતી નથી. પાર્ટી -સિડેન્ટ રાજનાથસિંહ કહ્યું હતું કે ગુજરાતના નવા મુખ્યમંત્રી નક્કી કરવાનો હાલ કોઇ ઁ જ ઉભો થતો નથી. મોદીને રિપ્લેસ કરવામાં નહીં આવે. -સિડેન્ટના આ વિધાન પછી હાલ તો આ પદ માટે ઠંડુ પાણી રેડાઇ ચૂક્યું છે છતાં પાર્ટીમાં આ ઈસ્યુ હવામાનની જેમ ગરમી પકડી રહ્યો છે.

ગુજરાતમાં કોંગ્રેસ અને ભાજપ એમ બન્ને પક્ષો પાર્ટીના સંગઠન અને સરકારમાં અલગ અલગ જ્ઞાતિઓને -ભુત્વ આપે છે. ભાજપમાં -દેશ -મુખ ઓબીસી હોય તો મુખ્યમંત્રી પટેલ હોય છે. મુખ્યમંત્રી ઓબીસી હોય તો -દેશ -મુખ અન્ય જ્ઞાતિનું -તિનિધિત્વ કરતા હોય છે. ભૂતકાળમાં પણ કોંગ્રેસે આ પરંપરા જાળવી રાખી છે. જો કે તેમાં વિસ્તારનું પણ મહત્વ જોવા મળે છે. મુખ્યમંત્રી પદ માટે સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતને મહત્વ

● અનુસંધાન પાન-૭ પર


R U Teacher / Housewife / Student
Join Internationally Accredited Diploma in
Pre and Primary Teacher's Training Course
Age Group of 2 to 12. Online / Distance Mode
Min. Qua. 10+2 • Chance to Travel Over the World
100% Job Assistance
079-40023535
9925110995


## મુખ્યમંત્રીના જન્મદિવસે મહાઆરતીનું આયોજન

અમદાવાદ, તા.૧૬

કર્ણાવતી મહાનગરના મહામંત્રી અમુલભાઈ ભટ્ટના જણાવ્યા અનુસાર આવતીકાલે ૧૭ સપ્ટેમ્બરને મંગળવારના રોજ આદરણીય મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના ૬૪મા જન્મદિન પ્રસંગે જગન્નાથજી મંદિર, જમાલપુર, કર્ણાવતી ખાતે સવારે ૯-૦૦ કલાકે મહાઆરતીનું આયોજન કરવામાં આવેલ છે. એનડીએના પ્રધાનપદના ઉમેદવાર તરીકે વરણી પામેલા મુખ્યમંત્રીના સેવાકાર્યમાં સંપૂર્ણ સફળતા વાંચ્છવા તથા તેમના નિરામય આરોગ્યની કામના અર્થે યોજાનાર આ મહાઆરતીમાં પ્રવેશ ઉપપ્રમુખ અને પ્રદેશ પ્રવક્તા આઈ.કે. જાડેજા, મેયર મીનાક્ષીબેન પટેલ, શહેર અધ્યક્ષ રાકેશભાઈ શાહ સહિત શહેરના સંસદસભ્યો, ધારાસભ્યો, કોર્પોરેટરો તથા શહેર સંગઠનના વિવિધ હોદ્દેદારો, આગેવાનો તથા કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

